# ગોપાલો વચ્ચે કૃષ્ણની બાળલીલા

ધર્મરંગ

વ્યોમા સેલર

ભગવાન શ્રીકૃષ્ણના જીવનમાં મિત્રતાનું વિશેષ સ્થાન હતું. બાળપણથી જ કૃષ્ણ ગોકુલ અને વૃંદાવનમાં પોતાના ગોપાલ મિત્રો સાથે રમતા, ગાય ચરાવતા અને આનંદભર્યો સમય પસાર કરતા. કૃષ્ણના આ ગાઢ મિત્રો તેમની સાથેના સ્નેહ, વિશ્વાસ અને નિઃસ્વાર્થ ભાવના માટે જાણીતા હતા.

શ્રીદામા, સુદામા, વસુદામા, કિંકિની, ભદ્રસેન, અમસુ, સ્તોક-કૃષ્ણ, પુંડરીકા, વિતંકાક્ષ, કલાવિંકા અને પ્રિયંકરાને કૃષ્ણના આઠ પ્રિય મિત્રો તરીકે ગણવામાં આવે છે. તેઓ લગભગ કૃષ્ણની ઉંમર જેટલા જ છે અને તેમને ખૂબ જ પ્રિય છે.

કૃષ્ણના સૌથી નજીકના મિત્રોમાં સુદામાનું નામ ખૂબ પ્રસિદ્ધ છે. સુદામા અને કૃષ્ણે બાળપણમાં ગુરુ સાંદિપનીના આશ્રમમાં સાથે અભ્યાસ કર્યો હતો. ગરીબી હોવા છતાં સુદામાએ ક્યારેય કૃષ્ણ પ્રત્યેની મિત્રતામાં કોઈ ફેર પાડ્યો નહોતો. જ્યારે સુદામા દ્વારકામાં કૃષ્ણને મળવા ગયા ત્યારે કૃષ્ણે તેમને ખૂબ સ્નેહ અને આદર આપ્યો. આ પ્રસંગ મિત્રતાની સાચી વ્યાખ્યા બતાવે છે.

કૃષ્ણ અને તેમના મિત્રો વચ્ચેનો સંબંધ ખૂબ નિષ્ઠાવાન અને નિર્મળ હતો. તેઓએ એકબીજાને હંમેશાં સાથ આપ્યો હતો અને જીવનની દરેક ક્ષણમાં સાથે રહ્યા. આ મિત્રતા આપણને શીખવે છે કે સાચી મિત્રતા ધન, સ્થિતિ કે સ્વાર્થ પર આધારિત નથી પરંતુ પ્રેમ, વિશ્વાસ અને સમર્પણ પર ટકી રહે છે.

શ્રીકૃષ્ણના જીવનમાં મિત્રતાને ભક્તિમાં વિશેષ સ્થાન આપવામાં આવ્યું છે. વ્રજભૂમિમાં કૃષ્ણના ઘણા ગાઢ મિત્રો હતા અને તેમની મિત્રતા અલગ-અલગ સ્વભાવ અને સંબંધ મુજબ જોવા મળે છે.

કૃષ્ણના ગોપાલ મિત્રો પૈકી શ્રીદામા, સુભલ, મદુમંગલ, સ્તોકા-કૃષ્ણ, ઉજ્જવળ અને વસુદામા જેવા મિત્રો ખૂબ જાણીતા છે. તેઓ કૃષ્ણ સાથે બાળપણથી જ જોડાયેલા હતા. ગાય ચરાવતી



વખતે તેઓ જંગલમાં રમતો રમતા, ફળ ખાઈને આનંદ કરતા અને ક્યારેક કૃષ્ણ સાથે રમૂજી તર્ક પણ કરતા.

મદુમંગલ ખૂબ રમૂજી સ્વભાવના હતા. તેઓ ઘણી વખત કૃષ્ણ સાથે મજાક કરતા અને હાસ્યનું વાતાવરણ બનાવતા. શ્રીદામા બહાદુર અને નિષ્ઠાવાન મિત્ર હતા, જે કૃષ્ણ માટે હંમેશાં તૈયાર રહેતા.

વૃંદાવનમાં કૃષ્ણ અને તેમના મિત્રો સાથે મળીને ગાય ચરાવવાનું, યમુના કિનારે રમવાનું અને વૃક્ષોની છાયામાં ભોજન કરવાનું ખાસ વર્ણન મળે છે. આ પ્રસંગો કૃષ્ણની બાળલીલાઓને ખૂબ સુંદર બનાવે છે.

સુભલ સખા ભગવાન શ્રીકૃષ્ણના સૌથી નજીકના અને ગાઢ મિત્રોમાંથી એક હતા. તેઓ વૃંદાવનના ગોપાલોમાં ખૂબ પ્રિય અને વિશ્વાસુ મિત્ર તરીકે જાણીતા હતા. બાળપણથી જ સુભલ અને શ્રીકૃષ્ણ સાથે ગાય ચરાવતા, જંગલમાં ફરતા અને વિવિધ રમતો રમતા. તેમની મિત્રતા ખૂબ નિષ્ઠાવાન અને પ્રેમભરી હતી.

સુભલ સખા સ્વભાવથી ખૂબ ચતુર, નમ્ર અને સમજદાર હતા. તેઓ હંમેશાં કૃષ્ણનાં સુખ અને આનંદ માટે તૈયાર રહેતા. વૃંદાવનની લીલાઓમાં ઘણી વાર સુભલ સખા કૃષ્ણના મહત્ત્વના સહયોગી બનતા. ખાસ કરીને જ્યારે કૃષ્ણ અને રાધારાની વચ્ચે સંદેશો પહોંચાડવાની જરૂર પડતી ત્યારે

**સુભલ સખા ભગવાન શ્રીકૃષ્ણના સૌથી નજીકના અને ગાઢ મિત્રોમાંથી એક હતા. તેઓ વૃંદાવનના ગોપાલોમાં ખૂબ પ્રિય અને વિશ્વાસુ મિત્ર તરીકે જાણીતા હતા. બાળપણથી જ સુભલ અને શ્રીકૃષ્ણ સાથે ગાય ચરાવતા, જંગલમાં ફરતા અને વિવિધ રમતો રમતા**

સુભલ સખા મહત્ત્વની ભૂમિકા ભજવતા.

ભક્તિ સાહિત્યમાં સુભલને ‘પ્રિય-નર્મ-સખા’ તરીકે ઓળખવામાં આવે છે. તેનો અર્થ એ થાય છે કે તેઓ કૃષ્ણના એવા મિત્ર હતા જે કૃષ્ણ સાથે હાસ્ય, મજાક અને આનંદથી ભરેલા સંબંધમાં જોડાયેલા હતા. તેમની મિત્રતા ખૂબ જ નિઃસ્વાર્થ અને નિર્મળ માનવામાં આવે છે.

આ રીતે સુભલ સખા ભગવાન શ્રીકૃષ્ણના જીવનમાં એક મહત્ત્વપૂર્ણ મિત્ર અને સાથીદાર તરીકે જાણીતા છે અને તેમની મિત્રતા ભક્તો માટે સાચી મિત્રતાનું ઉત્તમ ઉદાહરણ માનવામાં આવે છે.

શ્રીકૃષ્ણના ગાઢ મિત્રોનું ઉદાહરણ આજે પણ માનવ સમાજ માટે પ્રેરણારૂપ છે.

---



# એલચીનું ફૂલ

બાઉલ કથા



લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ

2024માં બંગાળ યાત્રા દરમિયાન અમારા જૂના મિત્ર રાંગાદાસ મળી ગયા. રાંગા સાથે 25 વર્ષ જૂનો સંબંધ! આજે 25 વર્ષે તેમને ભટાર (જિલ્લોઃવર્ધમાન)માં મળવાનું થયું.

તેને જોઈ અમને મિત્રોને એ આશ્ચર્ય થયું કે અમે 25 વર્ષ પહેલાં મળેલા ત્યારે રાંગા 40ના હતા. આજે 65 વર્ષની ઉંમરે પણ તેવા જ લાગતા હતા! કાળા વાળ, મોં પર કરચલી નહીં અને ચુસ્ત શરીર!

અમે શાંતિથી રાવટીમાં બેઠા. ત્યારે મેં પૂછ્યું કે, ‘‘રાંગા, તમે તો જાણે વર્ષોને જ ખાઈ ગયા છો! હજુ તેવા જ ચુસ્ત અને તંદુરસ્ત છો!’’

જવાબમાં રંગાદાસ હસ્યા અને બોલ્યા, ‘‘સતીશબાબુ, મનેર માનુષ અને મોત બે’યની રાહ જોઈએ છીએ! જે પહેલું આવે તે! જો ભજન અખંડ ચાલશે તો મનેર માનુષ આવશે અને ભજન ખંડિત થશે તો મોત આવશે!’’

પછી બોલ્યા, ‘‘સતીશબાબુ! તમને ખબર છે, બાઉલનું ઈલાયચીનાં ફૂલ જેવું હોય છે! ઈલાયચીનું ફૂલ કેટલાય દિવસો સુધી ડાળખી પર કરમાયા વિના, જાણે આજે જ ખીલ્યું છે તેવું, દિવસો સુધી તરોતાજું રહે છે! તેવી રીતે બાઉલ પણ વર્ષો સુધી યુવાન રહે છે!

કારણ ખબર છે? ઈલાયચીના ફૂલની ખુશ્બૂ થોડી ઓછી હોય છે, તેથી ભમરાને ગંધ ઝડપથી આવતી નથી! તેથી ભમરો તેની પાસે જલ્દીથી ઢુંકાતો નથી! જેમ જેમ તે આવવામાં વિલંબ કરે, તેમ તેમ તેની રાહમાં અને રાહમાં ઈલાયચીનું ફૂલ કેટલા દિવસો સુધી ખીલેલું રહે છે! અંતે ભમરો ત્યાં આવે ત્યારે તેને ફૂલમાંથી ફળ થવાની તક મળે છે! મેં તેવું એક ગીત લખ્યું છે! સાંભળોઃ

આમરા એલાચ ફૂલ!
દીર્ઘ સમય ધરે સાખાય થેકે, આમાદેર હોયેછે ઉસુલ!
આમરા એલાચ ફૂલ!
એકદિનેર તપસ્યાર સુકાયે જાયેના,
સાંધ્યકાલ હોલે મારે જાય ના;
એકદિને બીકાસ કરે પારે જાયેના!
ભ્રમરેર જન્ન દીર્ઘ સમય અપેક્ષા કારી, કિછુ કરબે ના ભૂલ !
આમરા એલાચ ફૂલ!
અમારિ ફુલેર કિછુ તો કમ ગંધ,
એબમ આમાદેર ભ્રમર અંધ
થાય તો નાઈ દ્રુત ફલેર પ્રબંધ
જદિ એની ના આસે તબે, એકટી ડાલે રાખન ઝૂલ
આમરા એલાચ ફૂલ!
ભ્રમર પાઉયા ગેલે,
તબ ફૂલ છડે જાબે;
એટિ ફૂટિબો હઈયા અડાબે!
એલાચેર ગંધ, છડીએ જાબે, બલે રાંગા, બિબર્ત હયે અન્નફૂલ !
આમરા એલાચ ફૂલ!
ગુજરાતી સમગાની
અમે એલચીનું ફૂલ!
ઝાઝા દિવસો ઝાડવે ઝૂલવાનો, પાડીએ છીએ ઉસૂલ!
અમે એલચીનું ફૂલ!
શું એક દી’માં ખૂલી કરમાઈ જવાનું ?
શું ઉગી પરોઢ સાંજે તરવાઈ જવાનું?
તપમાં એક દી’ના, થાકી દુઃખી થવાનું?
ના, ભ્રમરની વાટ જોતા જ રહેવી, નહીં કરવાની ભૂલ!
અમે એલચીનું ફૂલ!

**બાઉલનું ઈલાયચીનાં ફૂલ જેવું હોય છે! ઈલાયચીનું ફૂલ કેટલાય દિવસો સુધી ડાળખી પર કરમાયા વિના, જાણે આજે જ ખીલ્યું છે તેવું, દિવસો સુધી તરોતાજું રહે છે! તેવી રીતે બાઉલ પણ વર્ષો સુધી યુવાન રહે છે**

ફૂલમાં દીધી છે ઓછી સુગંધ,
અને ભમરો પણ આપ્યો છે અંધ;
વહેલા મળવાનો નથી કોઈરે પ્રબંધ!
ભમરો ના આવે ત્યાં સુધી આપણે, કરવું ઝૂલમઝૂલ!
અમે એલચીનું ફૂલ!
ભમરો જો મળી જાય,
તો ફુલડું ફળી જાય,
આ ખીલવાનું ટળી જાય,
ફળ બની એલચી મઘમઘશે, રાંગા! ઝાંખા થશે બીજાં ફૂલ!
અમે એલચીનું ફૂલ!

ગીત પૂર્ણ કરી રંગાદાસ બોલ્યા, ‘‘અમારે તો તે મનેર માનુષ રૂપ ભમરાની અનંત સમય સુધી રાહ જ જોવાની છે, તો બાઉલ ક્યારેય રડતા રડતા રાહ થોડા જુએ?’’